# ખાણ અને ખનિજ વિભાગની માંગણી પર ચર્ચા

માન.અધ્યક્ષશ્રી,

માન. મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગની માંગણીઓ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે તે સઘળી માંગણીઓને હું મારું અનુમોદન આપું છું અને ખાણ-ખનિજ વિભાગની માંગણીઓ ઉપર હું મારી વાત રજૂ કરવા ઊભો થયો છું.

માન.અધ્યક્ષશ્રી,

ગુજરાત એટલે વિકાસનો પર્યાય, ગુજરાત એટલે એવું રાજ્ય જેણે તમામ આફતોનો મક્કમતાથી મૂકાબલો કરીને વિકાસની રફતાર જાળવી રાખી છે.

માન.અધ્યક્ષશ્રી,

ખમીરવંતી ગુજરાતની પ્રજા અને દિર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વના સમન્વયથી ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે.

માન.અધ્યક્ષશ્રી,

સન ૧૯૬૦માં અલગ ગુજરાત રાજ્યની સ્થાપના સમયે ગુજરાત એક સિમિત વિકાસ ધરાવતું રાજ્ય હતું.

માન.અધ્યક્ષશ્રી,

"રાષ્ટ્રીય ખનિજ વિકાસ પુરસ્કાર" અંતર્ગત સમગ્ર દેશમાં ગુજરાત કેટેગરી-૩ હેઠળ ગૌણ ખનિજોની હરાજી માટે પ્રથમ ક્રમ હાંસલ કર્યાં છે.

માન.અધ્યક્ષશ્રી,

ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા દ્વારા મુખ્યત્વે ખનિજ સંશોધન, ખનિજ વિકાસ તથા ખનિજ વહીવટની કામગીરી હાથ ધરવામા આવે છે. રાજ્યની પ્રથમ નીતિમાં ખનિજ સંશોધન ક્ષેત્રે બાહ્ય સ્ત્રોત દ્વારા ખાનગી રાહે સંશોધન અહેવાલો આધારીત મિનરલ એટલાસ અને ડેટા બેંક તૈયાર કરવી, ખનિજ સમૃધ્ધ વિસ્તારોને ગામના નમુના ૭ અને૧૨ માં નિર્દિષ્ટ કરવાની પદ્ધતિ દાખલ કરવી, નિયત સમય મર્યાદામાં અરજીઓનો નિકાલ, ગૌણ ખનિજોના નિયમોનુ સરળીકરણ, ગેરકાયદેસર

ખોદકામ પ્રવૃતિ અટકાવવા નિયમો ઘડવા, ખનિજ વેપાર પ્રક્રિયા કરતા અને ખનિજ ઉદ્યોગોની નોંધણી, ઠેકેદારોના બિલોમાં રોયલ્ટીની સીધી કપાત, ઔદ્યોગિક અગત્યના ખનિજોના મૂલ્યમાં વૃદ્ધિ, ખાણોનો અભ્યાસ, અંબાજી અને ધ્રાંગધ્રા ખાતેસ્ટોન આર્ટીઝન પાર્ક ઉભા કરવા, ખાતાની પ્રયોગ શાળાને રેફરલ કક્ષાની બનાવી ખાનગી પ્રયોગશાળાઓને પૃથ્થકરણ અને અભ્યાસ માટે માન્યતા આપવી, ખનિજ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધા જેવી કે વિજળી, રસ્તાઓ વગેરેની સવલત વધારવા જેવા અગત્યના વિકાસલક્ષી પાસાનો સમાવેશ થયેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

વર્ષ ૨૦૨૩-૨૪ માં છોટા ઉદેપુર જિલ્લામાં વર્મિક્યુલાઈટ/ક્વાર્ટ્ઝ ખનિજ માટે ૪૫૬.૧૫ મીટર, કચ્છ જિલ્લામાં ચાઈનાક્લે અને વ્હાઈટ ક્લે ખનિજ માટે ૧૭૧૮.૫ મીટર, અને ભાવનગર જિલ્લામાં બેન્ટોનાઈટ અને વ્હાઈટ ક્લે માટે ૮૪ મીટરનું શારકામ પૂર્ણ કરેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લામાં બોક્સાઈટ, લાઈમસ્ટોન, બેન્ટોનાઈટ, ચાઈનાક્લે વગેરે ખનિજોનું અંદાજે ૧૦,૦૦૦ મીટરનું શારકામ હાથ ધરવામાં આવનાર છે.

માન.અધ્યક્ષશ્રી,

ચાલુનાણાકીય વર્ષમાં સંશોધનની કામગીરી માટેના ડી.જી.પી.એસ. એજન્સીનું ટેન્ડર જી.એમ.આર.ડી.એસ. તરફથી ચાલુમાં છે જે નજીકના સમયગાળામાં આખરી થવામાં છે. જે પુર્ણ થયેથી ડી.જી.પી.એસ.ની કામગીરી કરવામાં આવશે. શારકામ સિવાય નીચે મુજબના પ્રોજેક્ટ હાથ ધરેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

ખનિજ સંશોધન હેન્ડબુકનું અપડેશન- જેનુ આખરીકરણ થવામાં છે. રેર અર્થ એલીમેન્ટ ખનિજ તત્વો અને ભારેખનિજ તત્વો અંગે સંશોધન કામગીરી ચાલુમાં છે. ગુજરાત એક ખનિજ સમૃદ્ધ રાજ્ય છે. ખનિજના જથ્થા અને ઉત્પાદનની દ્રષ્ટીએ ગુજરાત દેશમાં છઠ્ઠુ સ્થાન ધરાવે છે. ગુજરાતમાં લિગ્નાઇટ, લાઇમસ્ટોન, બોક્સાઇટ, મેન્ગેનીઝ-ઓર, પરલાઇટ, ફ્લોર્સપાર જેવા મુખ્ય ખનિજો મળી આવે છે,

માન.અધ્યક્ષશ્રી,

જ્યારે બ્લેક ટ્રેપ, બેન્ટોનાઇટ, માર્બલ, ગ્રેનાઇટ, સાદી રેતી, બિલ્ડિંગ લાઇમસ્ટોન, સેન્ડ સ્ટોન, ક્વાર્ટ ઝાઇટ, મુર્રમ, અગેટ, બોલ ક્લે, ચાઈના ક્લે, વાઇટ ક્લે, ફાયર ક્લે, સિલિકા સેન્ડ, ચોક, ડોલોમાઇટ, લેટરાઇટ, કેલ્સાઇટ, ક્વાર્ટ્ઝ વગેરે જેવા ગૌણ ખનિજો મળી આવેછે. જેમાં ગુજરાત લાઇમસ્ટોન, લીગ્નાઇટ, બોક્સાઇટ, ડોલોમાઇટ, ફાયરક્લે, બેન્ટોનાઇટ અને ફ્લોરાઇટ ખનિજોના ઉત્પાદનમાં દેશમાં અગ્રેસર છે.

માન.અધ્યક્ષશ્રી,

ચોક ખનિજ માત્ર ગુજરાત રાજ્યમાં મળી આવે છે. દેશમાં 104 બેન્ટોનાઇટ, સિલિકા સેન્ડ તથા ફ્લોરાઇટનું સૌથી વધુઉત્પાદન ગુજરાતમાં થાય છે. તેમજ બોક્સાઇટ, લીગ્નાઇટ, ફાયરક્લે અનેચાઇના ક્લેના ઉત્પાદનમાં દેશમાં દ્વિતિય ક્રમેછે. આ ખનિજોનો ઉપયોગ બાંધકામ, સિમેન્ટ, સોડાએશ, કેમિકલ, કટીંગ, પોલીશિંગ, ક્રશીંગ એકમોમાં કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત બ્લીચિંગ પાઉડર, સુશોભન માટેના પથ્થર અને સ્મારકો, ફ્લોરિંગ સ્લેબ, પ્લાસ્ટર ઓફ પેરીસ, ફર્ટીલાઇઝર, સોઇલ કન્ડીશનર, ટેક્સટાઇલ, પેપર અને પેઇન્ટ ઉદ્યોગોમાં ફિલર તરીકે વગેરેમાં પણ કરવામાં આવેછે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્યમાં કુલ ૪૨૨ માઇનિંગ લીઝો તથા ૭૩૧૩ ક્વોરીલીઝો અસ્તિત્વ ધરાવેછે. જેમાંથી રાજ્ય સરકારશ્રીને વર્ષ ૨૦૨૨-૨૩ માં Rs ૨૦૭૨.૧૦ કરોડની

મહેસૂલી આવક થયેલ છે. અને ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માં નવેમ્બર અંતિત Rs ૧૦૯૩.૩૯ કરોડની મહેસૂલી આવક થયેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

નામ.સુપ્રિમ કોર્ટના કેસ નં.સ્પે.રેફરન્સ નં.૧/૨૦૧૨ના ચુકાદા મુજબ કુદરતી સંપતિની ફાળવણી “યોગ્ય, બિન-ભેદભાવ યુક્ત, સ્પર્ધાત્મક અને પારદર્શક” પદ્ધતિથી કરવા સૂચવેલ. તેમજ દિપક કુમાર વિ.હરીયાણા રાજ્ય સરકારના કેસમાં નામ.સુપ્રિમ કોર્ટનો તા.૨૭.૧૨.૨૦૧૨નો ચુકાદા મુજબ “વૈજ્ઞાનિક ઢબે, સુવ્યવસ્થિત અને પર્યાવરણીય અનુકુળ ખાણકામ” થાય તેમ જણાવેલ.

માન.અધ્યક્ષશ્રી,

માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલોપમેન્ટ & રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૭ ખાણકામ માટેનો મુખ્ય કાયદો છે, જે અન્વયે કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા.૧૨ જાન્યુઆરી, ૨૦૧૫ થી માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલોપમેન્ટ & રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ થી સુધારો કરવામાં આવેલ છે. આ તમામ બાબતો ધ્યાને લઇ કેન્દ્ર સરકારે Mineral (Auction) Rules, 2015 બનાવેલ છે. જે હેઠળ મુખ્ય ખનિજ લાઇમસ્ટોન અને બોક્સાઇટના કુલ ૧૮ બ્લોકની ઇ-ઓક્શનથી ફાળવણી કરવામાં આવેલ. આ ૧૮ બ્લોકમાંથી સરકારશ્રીને આવનાર ૫૦ વર્ષ દરમિયાન કુલ Rs ૧૦૯૦૭.૩૧ કરોડ રોયલ્ટી તે ઉપરાંત Rs ૮૮૨૭.૫૭ કરોડ ઓક્શન પ્રિમિયમ તેમજ Rs ૧૦૧૩૦૮.૮૭ કરોડ ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન તથા નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટ પેટે પણ આવક થનાર છે.

માન.અધ્યક્ષશ્રી,

નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ અને એમેન્ડમેન્ટ એક્ટ,૨૦૧૫ અને તે હેઠળ બનેલ નિયમોને અનુરૂપ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ બનાવેલ છે. જે અંગેતા.૨૪/૦૫/૨૦૧૭ થી નોટીફિકેશન પ્રસિદ્ધ કરેલ છે. હાલમાં, સામાન્ય વ્યક્તિના ઘરના બાંધકામથી લઇને મોટી ઇમારતો, રસ્તાઓ,

નેશનલ હાઇવેથી લઇને રેલ્વે માર્ગ વગેરેના બાંધકામમાં ગૌણ ખનિજો જેવા કે, સાદી રેતી, માટી, કપચી, ગ્રેનાઇટ, માર્બલ વગેરેનો વપરાશ વધતો જઇ રહ્યો છે.

માન.અધ્યક્ષશ્રી,

સિમેન્ટ ઉદ્યોગો, ઇંટો, નળીયા વિગેરે માટેનો કાચો માલ ખનિજ સંપત્તિમાંથી પ્રાપ્ત થાય છે. આ ખનિજ સંપત્તિ પૂરતા પ્રમાણમાં સરળતાથી મળી રહે તે માટે જાહેર હરાજીથી ખનિજ સભર વિસ્તારોમાં બ્લોકની ફાળવણી કરવા માટે સરકારશ્રી દ્વારા જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇઓ ધ્યાને લઇ નવી પદ્ધતિ અનુસાર ગૌણ ખનિજોનો ઇ-ઓક્શનથી ઝડપી અને સરળતાથી ફાળવણી થઇ શકે તેમાટે સંશોધન કામગીરી કરી તથા વહીવટી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

જેના ભાગરૂપે આજ દિન સધુી કુલ ૧૯૭૫ બ્લોકની સફળ હરાજી થયેલ છે. જેનાથી રાજ્ય સરકારશ્રીને આગામી ૩૦ વર્ષમાં રોયલ્ટી પેટે કુલ Rs ૩૭૮૨.૪૧ કરોડ અનેRs ૧૧૪૫૫.૯૧ કરોડ રોયલ્ટી ઉપરાંત ઓક્શન પ્રિમિયમની આવક થનાર છે. હયાત લીઝો કે જેમાં લીઝ ધારકોએ ખનિજ વિકાસ માટે રોકાણ કરેલ હોય તેમાં નવી પદ્ધતિ મુજબ ઇ-ઓક્શન કરી ઝડપથી ફાળવણી કરી શકાય અને નવી વ્યવસ્થા ઉભી થાય ત્યાં સુધી સરકારશ્રીને પર્યાપ્ત સમય મળી રહે તે માટે હયાત લીઝોની મુદત વધારેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

સરકારશ્રી દ્વારા તા.૧૨/૧૦/૨૦૨૨થી ખાનગી માલિકીની જમીનમાં અરજી આધારિત લીઝોની ફાળવણી કરવા બાબતે ગુજરાત ગૌણ છુટછટ નિયમ, ૨૦૧૭માં સુધારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેથી સ્થાનિક જમીન માલિકો તેઓની માલિકીની જમીનમાં લીઝ મેળવી શકે. વધુમાં, ઉક્ત સુધારા નિયમોમાં સરકારશ્રી દ્વારા નાણાંકીય બોજો ઘટાડવા સંબંધિત તેમજ ઓક્શન પ્રક્રિયા સરળ અને ઝડપી કરવા સંબંધિત સુધારા પણ કરવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્યમાં સઘન ચેકિંગ હાથ ધરી વર્ષ ૨૦૨૨-૨૩ માં ખનિજના બિનઅધિકૃત ખનન, વહન, અને સંગ્રહનાં ૧૦૭૧૪ કેસો કરી Rs ૨૧૪૨૩.૯૧ લાખની વસુલાત કરવામાં આવેલ છે અને૨૦૨૩-૨૪ (નવેમ્બર ૨૩ અંતિત)માં ૬૮૦૩ કેસોમાં Rs ૧૧૦૭૬.૩૫ લાખની વસૂલાત કરેલ છે. તેમજ ૨૦૨૨-૨૩ માં ૮૬ અને૨૦૨૩-૨૪ (ઓકટોબર ૨૩ 105 અંતિત)માં ૭૧ પોલીસ ફરીયાદ કરેલ છે. ત્રિનેત્ર-ડ્રોન સર્વેલન્સના માધ્યમ થકી ખનિજના બિનઅધિકૃત ખનન/વહન/ સગ્રંહનાં કુલ ૧૪૮૬ દરોડામાં ૭૧૨ કેસો પકડવામાં આવેલ છે અને Rs ૧૦૩૫.૨૩લાખની વસૂલાત કરવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્યમાં ખનિજ વહનની દેખરેખ રાખવા માટે જી.પી.એસ. બેઝ્ડ વિહિકલ ટ્રેકીંગ સિસ્ટમ લાગુ કરવાની કામગીરી ચાલુમાં છે. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫. તમામ ખનિજ વહન કરતા વાહનોની સમગ્ર રાજ્યમાં ખનિજની હેરફેર કરતા તમામ વાહનોમાં ખનિજની હેરફેર કરવા માટે VTMS મારફતે સંબંધિત કામગીરીનુ મોનીટરીંગ હાથ ધરવામાં આવશે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય(MOEF&CC)ની પર્યાવરણ અસર મૂલ્યાંકન (EIA) અધિસૂચના ૧૪/૯/૨૦૦૬ મુજબ ખાણકામ સંબંધિત કોઈપણ પ્રવૃત્તિ શરૂ કરતા પહેલા પર્યાવરણીય મંજુરી મેળવવી ફરજિયાત છે.

માન.અધ્યક્ષશ્રી,

સદર અધિસૂચના મુજબ પર્યાવરણીય મંજુરી (ઈ.સી)ની સત્તા SEIAA (State Level Environment Impact Assessment Authority) પાસે છે. સદર નોટીફીકેશન મુજબ લીઝોનેB1 અનેB2 કેટેગરીમાં વિભાજીત કરેલ છે, જે પૈકી B2 કેટેગરીમાં વ્યક્તિગત અરજી હોઈ તેનું ઈ.સી ઝડપી મળે છે જ્યારેB1 કેટેગરીમાં ક્લસ્ટર બનાવી ઈ.સી મંજુર કરવાનું હોઈ તેમાં વધુ સમય લાગે છે. જેથી B1 કેટેગરી

અંતર્ગત આવતી લીઝોના ખાણકામ ક્ષેત્રમાં વિકાસ અને સમગ્ર કામગીરીની સરળતા અને પડતર ઈ.સી અરજીઓના ઝડપી નિકાલ તથા લીઝ/બ્લોકધારકોને EC મેળવવામાં સરળતા રહે તે હેતુથી ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત દ્વારા ટેન્ડરિંગ કરી તા.૨૯/૦૮/૨૦૨૦ના રોજ NABET માન્યતા પ્રાપ્ત ૪(ચાર) એજન્સીઓની નિમણુંક કરવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્યમાં સદર એજન્સીઓ દ્વારા લીઝ/બ્લોક/સેવ્ડ કેસની કરેલ ઈ.સી. અરજીઓ પૈકી કુલ ૬ ઈ.સી. મંજુર થયેલ છે. તે સિવાય ToR/ઈ.સી. મેળવવા અર્થે કરેલ અંદાજે ૩૫૯ અરજીઓ વિવિધ તબક્કે કાર્યવાહી હેઠળ છે. તદુપરાંત, રાજ્યના છોટા-ઉદેપુર જિલ્લાના CHO-9 તથા વડોદરા જિલ્લાના VAD-11 તથા VAD-12 ક્લસ્ટર માટે જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીના નામે ઈ.સીની અરજી કરી પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. જેમાં જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીના નામે સમગ્ર ક્લસ્ટરનું ઈ.સી મંજુર થઈ આવ્યા બાદ તેજે-તે લીઝધારકના નામે તબદીલ કરી આપવામાં આવશે.

માન.અધ્યક્ષશ્રી,

વર્ષ ૨૦૨૪-૨૫ માં નવા ઓક્શન થનાર બ્લોકમાં બ્લોકધારકોને પર્યાવરણીય મંજુરી સરળતાથી મળી રહે તે મુજબની કામગીરી કરવાનું તથા રાજ્યમાં પર્યાવરણીય મંજુરી અર્થે પડતર હોઈ તેવી અરજીઓનો નિકાલ કરવા માટેનું આયોજન છે, તેમજ રાજ્યના લીઝધારકોને પર્યાવરણીય મંજુરી મેળવવાની જટિલ પ્રક્રિયામાંથી રાહત મળે તે સારુ વધુમાં વધુ પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરવાની યોજના પણ છે.

માન.અધ્યક્ષશ્રી,

ભારત સરકારે તમામ રાજ્ય સરકારોને ખાણ ખનીજ વિસ્તારો વાળા જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉંડેશનની રચના કરવા માટે આદેશ આપેલ. અને

સાથે જ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના ઘડવામાં આવેલ. જેનું જિલ્લા કક્ષાએ અમલ કરવા માટે અલાયદા ડીએમએફ ટ્રસ્ટની રચના કરવા જણાવવામાં આવેલ છે. જેથી, ખાણકામ થતું હોય તેવા વિસ્તારો અને લોકોને તેના લાભો મળી રહે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્યના ખાણકામ વાળા ૩૨ જિલ્લાઓમાં ડીએમએફ ટ્રસ્ટની નોંધણી થયેલ છે. 2. ગુજરાત ડીએમએફ રૂલ્સ 2016 હેઠળ ગુજરાતના ખાણકામવાળા દરેક જિલ્લામાં ડીએમએફની રચના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ક્રમાંક GU-2016 (42)-DMF-102015/ 836/CHH દ્વારા "ગુજરાત ડીએમએફ રૂલ્સ" એપ્રિલ 2016માં બહાર પાડવામાં આવેલ છે. જેના થકી રાજ્યના તમામ જિલ્લાઓમાં ડીએમએફ માટેના નિયમો, કાર્યો અને કાર્ય પદ્ધતિ માટેના ધારાધોરણો નક્કી કરવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

આના અધ્યક્ષ માન. મુખ્યમંત્રીશ્રી છે. સદર SLCCની તત્કાલીન મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને11 નવેમ્બર 2016ના રોજ મળેલી પ્રથમ બેઠકમાં ખાણ કામથી પ્રભાવિત રાજ્યના કુલ ૧૯૪૬ ગામો નક્કી કરવામાં આવેલ. ત્યારબાદ માર્ચ ૨૦૨૦ની સ્થિતિ ધ્યાને લઇ આ યાદીને અધ્યતન કરીને કુલ ૨૧૦૩ ગામોને ખાણકામ પ્રભાવિત ગામોની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. સદર ૨૧૦૩ ગામોમાં હાલ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ વિવિધ કલ્યાણકારી કામગીરી થઇ રહેલ છે. ખનીજના પ્રકારો પ્રમાણે મુખ્ય ખનીજ અનેગૌણ ખનીજ એમ બે રીતે ખનીજોને વર્ગીકૃત કરવામાં આવેલ છે,

માન.અધ્યક્ષશ્રી,

જેમાં તા. ૧૨-૦૧-૨૦૧૫ પૂર્વે મંજુર કરેલ મુખ્ય ખનીજના લીઝ ધારકો પાસેથી નિયમ મુજબ રોયલ્ટીના ૩૦% તથા તા. ૧૨-૧- ૨૦૧૫ પછી મંજુર કરેલ

મુખ્ય ખનીજના લીઝ ધારકો પાસેથી નિયમ મુજબ ૧૦% તથા ગૌણ ખનીજમાં રોયલ્ટીના ૧૦% ડીએમએફ ફંડ તરીકે એકત્રિત કરવામાં આવે છે. જેમાં મુખ્ય ખનીજના કિસ્સામાં કોલ અને લિગ્નાઈટ સિવાયના મુખ્ય ખનીજોમાં તા.૧૭-૦૯-૨૦૧૫થી તથા કોલ અને લિગ્નાઈટની લીઝમાં તા. ૦૧-૦૪-૨૦૧૬થી એકત્રિત કરવાનું થાય છે તથા ગૌણ ખનીજના કિસ્સામાં તા. ૨૬-૦૯- ૨૦૧૬થી એકત્રિત કરવાનું થાય છે. આ ડીએમએફ ફંડનો ઉપયોગ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત ખાણકામ પ્રભાવિત વિસ્તાર અને ગ્રામજનો માટેના વિવિધ પ્રકારના વિકાસલક્ષી અને કલ્યાણકારી કાર્યક્રમો કરવા માટે કરવામાં આવે છે.

માન.અધ્યક્ષશ્રી,

૩૦ નવેમ્બર, ૨૦૨૩ની સ્થિતિએ મુખ્ય અને ગૌણ ખનીજનું મળીને કુલ મળવાપાત્ર Rs ૧૪૭૩.૫૨ કરોડની સામે ૧૦૧.૩૪ % એટલે કે Rs ૧૪૯૩.૩૮ કરોડ ડીએમએફ ભંડોળ વસૂલવામાં આવેલ છે. એકત્રિત થયેલ ભંડોળમાંથી Rs ૧૬૪૭.૩૮ કરોડના ૨૬,૦૮૩ પ્રોજેક્ટસ વિવિધ જિલ્લાઓની ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા મંજુર થયેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

ડીએમએફ સ્ટેટ નોડલ યુનિટ દ્વારા રાજ્ય કક્ષાએથી હાથ ધારવામાં આવેલ વિવિધ પ્રોજેક્ટસ પ્રોજેકટ સામર્થ્યે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉંડેશન સ્ટેટ નોડલ યુનિટ દ્વારા પ્રોજેકટ સામર્થ્ય-રોજગાર લક્ષી તાલીમ કાર્યક્રમની રચના અને તેનું અમલીકરણ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટનું અમલીકરણ રાજ્યના ખાણકામથી પ્રભાવિત ૨૧૦૩ ગામડાઓમાં કરવામાં આવેલ છે. આ ગામોના ૧૮ થી ૩૫ વર્ષના યુવક યુવતીઓને વિવિધ ૧૩ ક્ષેત્રોમાં કારકિર્દી પસંદગીની તક આપવામાં આવેલ છે. પ્રોજેક્ટ સામર્થ્યના અલગ અલગ કોર્ષમાં પ્રવેશ માટે લઘુતમ લાયકાત ધો. ૫ થી ૧૨ નક્કી કરાયેલ છે. તથા જે તે કોર્ષની જરૂરીયાત પ્રમાણે તાલીમાર્થીને ૩ થી ૫ મહિનાની રોજગારલક્ષી તાલીમ પૂરી પાડવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

આ માંગણી ઔદ્યોગિક વિકાસને વેગ આપવા તેમજ નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા ખૂબ જ મહત્વની બની રહેશે. માન.મંત્રીશ્રી દ્વારા લાવવામાં આવેલ માંગણીઓને હું મારું સમર્થન આપું છું. આ માંગણીઓ ગુજરાતની વિકાસની કેડીને આગળ લઈ જવા માટે ચાલક બળ બની રહેનાર છે ત્યારે હું અપેક્ષા રાખું છું કે માંગણીઓ સર્વાનુમતે મંજૂર થાય.

**....ધન્યવાદ....**